દુનિયાદારીના ચોકઠામાં સરસ રીતે ગોઠવાઇ જાય એવા માણસને 'વ્યવહારુ' કહેવામાં આવે છે
- જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૩૨ | ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૫, રવિવાર ; મહા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





# સ્વાઈન ફલુમાં વધુ બેના મોત

## સે. ૨૦માંથી એક મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ મળ્યો : સેક્ટર-૨ના ૬૫ વર્ષીય વૃધ્ધ તથા સીઆરપીએફના જવાનનું મોત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફલુનો રોગ થંભવાનું નામ લેતો નથી. આજે પણ વધુ ૪ કેસ નોંધાયા છે. જેથી આ રોગચાળામાં સપડાયેલા દર્દીઓની સંખ્યા ૩૪ પર પહોંચી છે. જ્યારે બે દર્દીઓના મૃત્યુ થતાં મૃત્યઆંક છ પર પહોંચ્યો છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૨૦ની એક મહિલાનો સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. જ્યાં તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત ગાંધીનગર શહેર નજીક આવેલ રાંદેસણ ગામમાંથી ત્રીજો સ્વાઈનફલુ પોઝીટીવ કેસ નોંધાયો છે. જે દર્દી પણ ખાનગી

● અનુસંધાન પાન-૭ પર

## રાંદેસણમાં દિકરો અને મા-બાપ સ્વાઈન ફલુમાં પટકાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરને અડીને આવેલ રાંદેસણ ગામમાં એક જ પરિવારના ત્રણ સભ્યોને સ્વાઈન ફલુ થતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે.

પહેલાં દિકરાને પછી માતાને અને હવે પિતાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવવા પામ્યો છે. દિકરો સ્વાઈન ફલુથી સંપૂર્ણ રીતે સાજો થઈ જતાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જ્યારે આજે તેના પિતાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. કોન્ટેક્ટ પર્સનમાં આખુ પરિવાર સપડાતાં હવે તંત્રની દોડધામ વધી જવા પામી છે. આવો પહેલો કિસ્સો જિલ્લામાં નોંધાયો છે.

માતા-પિતા બંનેની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.










